તા.૦૬/૦૪/૨૦૨૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૬૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૫૫૫ લીટર દેશી દારૂ, ૧૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન, ૨ કાર, ૨ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૪૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૬૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૪૬૭/૨૦૨૫**

**રામોલઃ** મન સ/ઓ કેતનભાઇ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૨૧) (રહે. શ્રીજી એવન્યુ મણિપુર તા–સાણંદ જી–અમદાવાદ ગ્રામ્ય) એ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ રાધે ચેમ્બર આર્કસ વલ્ડ વાઈડ ૧૧૮/એફ ખાતે આરોપી (૧) નિરવભાઈ સ/ઓ પ્રમોદભાઈ રાવલ (રહે. વૃંદાવનપાર્ક સોસાયટી ગુરૂકુલ સ્કુલ સામે વસ્ત્રાલ (૨) મયંકભાઈ સ/ઓ વસંતભાઈ ઓઝા (રહે. શિવ સીધ્ધી હાઈટસ માંગલ્ય સેફાયર સામે અર્પણ સ્કુલ રોડ વસ્ત્રાલ) અને (૩) વિષ્ણુભાઈ સ/ઓ ગણેશભાઈ પટેલ (રહે. કલ્પતરૂ હોમ્સ રતનપુરા વસ્ત્રાલ) નાઓએ ભેગા મળી મન બ્રહ્મભટ્ટ નાઓને યુ.કે.ઈંગ્લેન્ડ જવા માટે સ્ટુડન્ટ વિઝા તેમજ વર્ક વિઝાની પરમીટ અપાવવાની લાલચ આપી તેમજ યુ.કે.ના ખોટા CAS COS લેટર આપી મન બ્રહ્મભટ્ટ પાસેથી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/–, તેમજ અન્ય ત્રણ સાહેદ પાસેથી મળી કુલ રૂપિયા ૮૬,૨૦,૦૦૦/– મેળવી લઈ સ્ટુડન્ટ વિઝા તેમજ વર્ક વિઝાની પરમીટ નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૪૬૮/૨૦૨૫**

**નારોલઃ** અલ્પાબહેન ડો/ઓ ગોવિંદભાઇ છાટબાર (ઉ.વ.૪૫) (રહે. એ/૩૦૩, દેવ–૮૪ એપાર્ટમેન્ટ ઓમ શાંતિ ગોલ્ડ સામે કેનાલ પાસે નારોલ) એ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે, અલ્પાબહેન છાટબારએ તેમની માતાની સાર–સંભાળ માટે તેમના ઘરે રાખેલ ખુશ્બુ (જેના પુરા નામની ખબર નથી, (મુળ વતન. ગોવિંદનગર સુંદર કોલોની સેક્ટર–૨૨ કાનપુર સેન્ટર કાનપુર યુ.પી.) એ તા.૨૦/૦૧/૨૦૨૫ કલાક ૧૨/૩૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખુશ્બુ એ તેમના મળતીયા આસીફખાન ઉર્ફે રાજુભાઈ (રહે. કમાલગંજ તથા શેખુપુર ગામ, જી.બદાયુ, યુ.પી., તથા સુંદરા, કાસગંજ રેલવે સ્ટેશન પાસે કાસગંજ યુ.પી,) સુનિતાદેવી (રહે.કાસગંજ યુ.પી) તેમજ દિપેશકુમાર બાબુ (રહે. કાસગંજ યુ.પી) એ ભેગા મળી તા.૨૦/૦૧/૨૦૨૫ અલ્પાબહેન છાટબારના ઘરમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૬૦,૦૦૦/– તેમજ કપડાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૪૬૯/૨૦૨૫**

**નારોલઃ** તા.૦૪/૦૪/૨૦૨૫ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે નારોલ દ્વારકાનગરી પાસે હનુમાનનગર ખાતે રહેતા સત્યમ સુનીતકુમર મિશ્રા નાઓના ઘરમાં શોર્ટ–સર્કિટ થતા આગ લાગતા સત્યમ સુનીતકુમર મિશ્રાનો પાંચ વર્ષનો પુત્ર દાઝી જતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૪/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.લેઉવા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૪૭૦/૨૦૨૫**

**ખોખરાઃ** ખોખરા ભાઇપુરા સેવન્ડે સ્કૂલ પાછળ મનહર કોલોની સામે નીલકંઠનગર ખાતે રહેતા રણજીતસિંહ ઝાલા નાઓના ચૌદ વર્ષના પુત્ર એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી